For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બજારોમાં ખરીદીનો ધમધમાટ અને ફટાકડાની ગુંજ વચ્ચે આકાશ આતિશબાજીથી ઝળહળ્યું, ઠેર ઠેર ઉલ્લાસનો માહોલ







વડોદરાવાસીઓએ મન મૂકીને ઉજવી દિવાળી

નાનાં બાળકોથી લઈને વડીલો સુધી ઉત્સાહમાં સામેલ : સોસાયટીઓમાં સામૂહિક ઉજવણી અને રોશનીથી શણગારાયા ઘર


ગુજરાત સહિત સમગ્ર દેશમાં પ્રકાશના પર્વ દિવાળીની પરંપરાગત અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. હિન્દુ ધર્મના સૌથી મોટા અને મહત્વપૂર્ણ તહેવારોમાં ગણાતી દિવાળી નિમિત્તે વડોદરા શહેરમાં પણ અનોખો અને અદભુત માહોલ જોવા મળ્યો હતો. શહેરના તમામ વિસ્તારોમાં નાનાં બાળકોથી લઈને વડીલો સુધીના તમામ વર્ગના લોકોએ પોતાના પરિવાર અને મિત્રો સાથે મળીને દિવાળીના પર્વને મન મૂકીને ઉજવ્યું હતું. દિવાળીના આ પાવન અવસરે બજારોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી, જ્યાં લોકોએ ફટાકડા, મીઠાઈઓ અને પૂજાની સામગ્રીની ખરીદી કરી હતી. લાખો-કરોડો રૂપિયાની કિંમતના ફટાકડા અને આતિશબાજી સાથે વડોદરાવાસીઓએ રાત્રિના સમયે આકાશને રોશનીથી નવડાવી દીધું હતું. શહેરના જુદા જુદા વિસ્તારોમાં રાત્રે ફટાકડા ફોડીને ઉત્સવનો માહોલ સર્જાયો હતો, જેના કારણે સમગ્ર શહેરમાં ઉત્સવનો પવન ફૂંકાયો હતો. શહેરના માંજલપુર સહિતના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક સોસાયટીના રહીશોએ એકત્રિત થઈને સામૂહિક રીતે દિવાળીની ઉજવણી કરી હતી. સોસાયટીના તમામ પરિવારો એક સાથે મળીને તહેવાર મનાવવાની પરંપરાને જાળવી રાખતા નજરે પડ્યા હતા. મહિલાઓએ ઘરના આંગણે સુંદર રંગોળી પૂરી હતી અને ફૂલઝડી તથા તારામંડળ પ્રગટાવીને ખુશીઓ વહેંચી હતી. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે, તેઓ આખા વર્ષ દરમિયાન દિવાળીના આ પર્વની રાહ જોતા હોય છે. પરિવાર અને સગા-સંબંધીઓ સાથે મળીને તહેવાર મનાવવાનો આનંદ જ અલગ હોય છે. વડોદરાવાસીઓએ એકબીજાના ઘરે જઈને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી અને નવા વર્ષના આગમનને વધાવ્યું હતું. દિવાળી એ અંધકાર પર પ્રકાશના વિજય અને ઉજાસનો તહેવાર છે, ત્યારે વડોદરાના લોકોએ પોતાના ઘરોને આકર્ષક રોશની અને દીવાઓથી શણગાર્યા હતા. સોસાયટીઓમાં દીવા પ્રગટાવીને અને ભવ્ય આતિશબાજી કરીને સૌએ એકબીજાના જીવનમાં ખુશીઓ આવે તેવી કામના કરી હતી. વડીલોએ યુવાનોને આશીર્વાદ આપીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી, જેનાથી સમગ્ર શહેરમાં પારિવારિક અને સામાજિક સદભાવનું વાતવરણ પ્રબળ બન્યું હતું. આજે પણ વડોદરામાં દિવાળીના આ પર્વની હૂંફ અને ઉત્સાહ લોકોના ચહેરા પર સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે, અને નૂતન વર્ષના વધામણાં માટેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે.

શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયું સમુહ શારદા પૂજન

વિક્રમ સંવત 2082 નો અંતિમ દિવસ એટલે દિવાળી, પારંપરિક રીતે આ દિવસે તમામ લોકો પોતાના આગામી વર્ષ ના ચોપડા નું પૂજન કરી નૂતન વર્ષ ના પ્રારંભ ની તૈયારી કરે છે.બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે પ્રતિ વર્ષ ની માફક પૂજ્ય સંતો દ્વારા આયોજિત આ સમુહ શારદા પૂજન નું આયોજન કરવામાં આવ્યું હતું.આ સમુહ ચોપડા પૂજન માં પંદરસો થી વધુ ભાવિકો જેમાં મહિલા ઉદ્યોગ સાહસિકો પણ સંમિલિત હતી તેઓ પોતાના વ્યવસાય ના ચોપડા લઈ સહભાગી થયા હતા.ખાસ ઉલ્લેખનીય છે કે ચોપડા ની સાથે નવયુવાન ભક્તો આધુનિક યુગ મુજબ વિષાણુ ઉપકરણો જેવા કે લેપટોપ ,ટેબલેટ વિગેરે સાથે પૂજન માં જોડાયા હતા અને પુરવાર કર્યું હતું કે વ્યવસ્થા બદલાય છે પરંતુ આસ્થા માં કોઈ જ ફરક પડતો નથી.

કાળી ચૌદશની રાત્રીએ સ્મશાનમાં બેસી યુવકે કર્યો પ્રયોગ

સામાન્ય રીતે કાળી ચૌદશની રાત્રે લોકો સ્મશાન કે ચાર રસ્તા ચકલા પાસેથી પસાર થવાથી પણ ડરતા હોય છે અને ભૂત-પ્રેત કેલી અશરીરી શક્તિઓની વહેમભરી વાતોથી દૂર રહે છે. લોકોના મનમાં રહેલો આ ડર અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતા પ્રિયાંક નામના યુવાને એક હિંમતભર્યો અને અચરજ પમાડે તેવો પ્રયોગ કર્યો છે!મળતી માહિતી મુજબ, પ્રિયાંક ગત સાત વર્ષથી દર કાળી ચૌદશની મધરાત્રીએ અંધશ્રદ્ધા સામે જાગૃતિ લાવવા માટે એક અનોખું કામ કરે છે. સતત આઠમા વર્ષે પણ કાળી ચૌદશની રાત્રે તેણે મકરપુરા વિસ્તારના સ્મશાન તેમજ ચાર રસ્તા પર મૂકવામાં આવેલા ઉતારા જેમાં મીઠાઈ સહિતની વિવિધ ખાદ્ય સામગ્રી હોય છે તેને જાતે ખાધા હતા. એટલું જ નહીં, મકરપુરા સ્મશાનમાં જ્યાં મૃતદેહોને અંતિમદાહ આપવામાં આવે છે તેની બાજુની જગ્યામાં બેસીને પણ તેણે આ ચઢાવવામાં આવેલી સામગ્રી આરોગી હતી. લોકોમાં એવી માન્યતા હોય છે કે, આવા ઉતારા ખાવાથી કે સ્મશાનમાં જવાથી કોઈ વળગ કે બીમારી થઈ જાય છે. પરંતુ પ્રિયાંકે પોતાના અનુભવથી આ વાત ખોટી સાબિત કરી છે. તેણે જણાવ્યું હતું કે, આ ખાદ્ય પદાર્થો ખાધા પછી પણ તેની માનસિક સ્થિતિ કે આરોગ્યમાં કોઈ જ ફરક પડતો નથી. તેને કોઈ વળગ કે ધ્રુણવા લાગતો નથી, તે એકદમ સ્વસ્થ છે.



અટલાદરા BAPS સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિથી સમૂહ શારદા પૂજન સંપન્ન

વ્યવસ્થા બદલાય છે, પરંતુ આસ્થામાં બદલાવ નહીં!

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વિક્રમ સંવત 2082ના અંતિમ દિવસ દિવાળીના પાવન અવસરે વડોદરાના અટલાદરા સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત રીતે સમૂહ શારદા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સંતોના માર્ગદર્શન અને આયોજન હેઠળ યોજાયેલા આ ધાર્મિક પ્રસંગમાં 1500થી વધુ ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દિવાળીનો દિવસ વેપારીઓ અને વ્યવસાયિકો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દિવસે પરંપરાગત રીતે નવા વર્ષના ચોપડાનું પૂજન કરી નૂતન વર્ષના વ્યવસાયિક પ્રારંભ માટે મંગલકામના કરવામાં આવે છે. આ જ પરંપરાને અનુસરીને યોજાયેલા સમૂહ પૂજનમાં અનેક વેપારીઓ ઉપરાંત મહિલા ઉદ્યોગસાહસિકોએ પણ પોતાના વ્યવસાયના ચોપડા સાથે સહભાગી બની શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું હતું. આ આયોજનની વિશેષતા એ રહી કે પરંપરાગત ચોપડાની સાથે આધુનિક યુગના યુવાન ભક્તો લેપટોપ, ટેબલેટ સહિતનાં ડિજિટલ ઉપકરણો લઈને પણ પૂજનમાં જોડાયા હતા. બદલાતા સમય સાથે વ્યવસાય કરવાની પદ્ધતિઓ અને સાધનોમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ જ્ઞાન, વિદ્યા અને સમૃદ્ધિની દેવી શારદા પ્રત્યેની શ્રદ્ધા આજે પણ અકબંધ છે, તે આ આયોજન દ્વારા પ્રતીત થયું હતું. સમૂહ શારદા પૂજનના આ પ્રસંગે પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. એક તરફ વર્ષોથી ચાલી આવતી ચોપડા પૂજનની સંસ્કૃતિ હતી તો બીજી તરફ ટેક્નોલોજીના યુગમાં આગળ વધી રહેલી નવી પેઢીની ભાગીદારી હતી. આમ, અટલાદરા BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલા આ સમૂહ પૂજને એક સુંદર સંદેશ આપ્યો હતો કે સમય બદલાય, વ્યવસ્થા બદલાય અને સાધનો બદલાય, પરંતુ સંસ્કાર અને આસ્થાનું મહત્ત્વ ક્યારેય ઘટતું નથી.





૩.૧.૯૭ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી

દિવાળી દરમિયાન બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

આજવા રોડની ઇન્દ્રપ્રસ્થ સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરમાં દિવાળીના તહેવાર દરમિયાન બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. આજવારોડની ઇન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા એરફોર્સના નિવૃત્ત અધિકારીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરીનું લોકર ખોલી અંદર રાખેલા સોના-ચાંદીના દાગીના સહિત રૂ.1.97 લાખના દાગીનાની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ઇન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા 60 વર્ષીય શ્રીકાંત સિદ્ધેશ્વર શુક્લા એરફોર્સમાંથી નિવૃત્ત થયા બાદ પત્ની ગાયત્રીદેવી સાથે રહે છે. ગત તા.5 નવેમ્બરના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેઓ પત્ની સાથે મકાનને તાળું મારી દિવાળીના તહેવાર નિમિત્તે ઉદયપુર ખાતે રહેતા પુત્ર રજનીકાંતના ઘરે ગયા હતા. દરમિયાન 7 નવેમ્બરના રોજ સવારે 7:46 વાગ્યે તેમના પાડોશી મહેશભાઈ પટેલનો ફોન આવ્યો હતો કે, તેમના મકાનનું તાળું તૂટેલું છે અને દરવાજો ખુલ્લો છે.આ જાણ થતાં શ્રીકાંત શુક્લા પત્ની અને પુત્ર સાથે વડોદરા પરત આવ્યા હતા. ઘરે પહોંચીને તપાસ કરતાં મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો હતો. ઘરની અંદર બેડરૂમના દરવાજાનો નકુચો પણ તૂટેલો જોવા મળ્યો હતો. બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરીનો દરવાજો વાળીને ખોલવામાં આવ્યો હતો અને અંદરનો સામાન વેરવિખેર પડ્યો હતો. તિજોરીના લોકરમાં તપાસ કરતાં સોનાનું મંગળસૂત્ર, સોનાની ટીકો, બે વીંટી, કાનનાં દાગીના તેમજ ચાંદીનો મોમેન્ટો, પાયલ અને આઠ ચાંદીના સિક્કા મળી આવ્યા નહોતા. આમ, તસ્કરો રૂ.1.97 લાખના દાગીના ચોરી ગયા હોવાનું જણાતાં નિવૃત્ત અધિકારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ટ્રાફિક ચલણના નામે સાયબર ઠગોનો નવો ખેલ

ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ કરવાની ધમકી આપી APK ફાઇલ ડાઉનલોડ કરાવી મહિલા એન્જિનિયરના રૂ.૪.૫૮ લાખ પડાવ્યા

ICICI અને HDFC સહિતનાં બેંક ખાતાંમાંથી રકમ ઉપાડી લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વાહનનું ટ્રાફિક ચલણ બાકી હોવાનો મેસેજ મોકલીને સાયબર ઠગો હવે લોકોના બેંક ખાતાં સુધી પહોંચી રહ્યા છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહીનો ડર બતાવીને ગોરવાની એક મહિલા એન્જિનિયરને સાયબર ઠગોએ નિશાન બનાવી હતી. RTOની કાર્યવાહીથી બચવા માટે મોકલેલી લિંક ખોલતાં જ મોબાઇલમાં નકલી APK એપ્લિકેશન ઇન્સ્ટોલ થઈ ગઈ હતી. ત્યારબાદ મહિલા એન્જિનિયરના ICICI અને HDFC બેંક ખાતાંમાંથી UPI મારફતે રૂ.4.58 લાખની રકમ તબક્કાવાર ઉપાડી લેવામાં આવી હતી. એક તરફ ટ્રાફિક ચલણનો મેસેજ અને બીજી તરફ બેંકિંગ વ્યવહારોના 108 જેટલા SMSથી સમગ્ર ઠગાઈનો પર્દાફાશ થયો હતો.

ગોરવા વિસ્તારમાં એલેમ્બિક સિટી સ્થિત બેક્ટેલ કંપનીમાં સિનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવતી 45 વર્ષીય મહિલાને ગત 26 ઓક્ટોબરના રોજ AX-VAAHAN-S નામના SMS Sender ID પરથી ત્રણ મેસેજ મળ્યા હતા. જેમાં તેમના વાહન સામે ટ્રાફિક ચલણ ઈશ્યૂ થયું હોવાનું અને CMVRના નિયમોના ભંગ બદલ ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ કરવાની ભલામણ કરાઈ હોવાનું જણાવાયું હતું. પાંચ દિવસમાં RTO સમક્ષ ખુલાસો નહીં કરે તો કાર્યવાહી થશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી.

ઓફિસના કામમાં વ્યસ્ત હોવાથી મહિલાએ શરૂઆતમાં મેસેજની લિંક ખોલી નહોતી. જોકે, 31 ઓક્ટોબરની મધરાતે 12:31 વાગ્યે મેસેજ વાંચ્યા બાદ કોર્ટમાં ચલણ મોકલાયું હોવાની લિંક પર ક્લિક કર્યું હતું. લિંક ખોલતાં જ 'Mparivahan^NextGen.apk' નામની નકલી એપ્લિકેશન મોબાઇલમાં ઇન્સ્ટોલ થઈ હતી. એપ્લિકેશને માગેલી વિવિધ પરવાનગીઓ પણ મહિલાએ આપી દેતાં સાયબર ઠગોને મોબાઇલ સુધી પહોંચવાનો રસ્તો મળી ગયો હતો.આરોપીઓએ ત્યારબાદ બેંકિંગ વ્યવહારોને અંજામ આપ્યો હતો. વહેલી સવારે 3:54 વાગ્યે કેનેરા બેંકના નામે UPI પિન જનરેટ કરવાનો OTP આવ્યો હતો. મહિલાએ કોઈ પ્રક્રિયા કરી ન હોવા છતાં 3:59 વાગ્યે ખાતામાંથી રૂ.1નું ટ્રાન્ઝેક્શન થયું હતું. ત્યારબાદ અલગ-અલગ બેંકિંગ વ્યવહારો અને OTPના આશરે 108 SMS એકસાથે આવતાં પણ મહિલા ઠગાઈનો ભોગ બની રહી હોવાનું સમજી શકી નહોતી.

દરમિયાન 4 નવેમ્બરના રોજ ICICI અને HDFC બેંકનાં ખાતાંમાંથી અજાણ્યા શખસોએ UPI મારફતે રૂ.4,58,312 ઉપાડી લીધા હતા. બંને બેંકો તરફથી ટ્રાન્ઝેક્શનની ખરાઈ માટે પાંચ વખત ફોન કરવામાં આવ્યા હતા, પરંતુ મહિલા મીટિંગમાં હોવાથી ફોન ઉપાડી શકી નહોતી. બાદમાં બેંકની પૂછપરછ દરમિયાન ખાતાંમાંથી નાણાં ઉપડી ગયાં હોવાનું સામે આવતાં સમગ્ર ઠગાઈનો ખ્યાલ આવ્યો હતો.

મહિલાએ 4 નવેમ્બરના રોજ નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધીને નકલી APK ફાઇલ મારફતે આચરવામાં આવેલી સાયબર ઠગાઈના નેટવર્કની તપાસ શરૂ કરી છે.

માસીની દીકરી સાથે વાતચીત કરવાની ના પાડતાં યુવક પર હુમલો

ચાર મહિના જૂના ઝઘડાની અદાવત રાખી મધુનગરમાં યુવકને બિલ્ડિંગ પાછળ લઈ જઈ માર માર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 8

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા મધુનગરમાં ચાર મહિના જૂની અદાવતને પગલે યુવક પર હુમલો થયાની ઘટના સામે આવી છે. માસીની દીકરી સાથે મેસેજમાં વાતચીત કરતા યુવકને અગાઉ ઠપકો આપીને વાતચીત કરવાની ના પાડી હતી. આ બાબતે થયેલા ઝઘડાનું સમાધાન થયા બાદ પણ મનદુઃખ રાખીને શરીફ ઉર્ફે શેફ પઠાણે ફરિયાદી યુવકને રસ્તામાં આંતરી ધમકી આપી હતી. ત્યારબાદ બિલ્ડિંગ પાછળ લઈ જઈ ગાળો ભાંડી લાફા મારી ઢોર માર મારતાં યુવકને પીઠના ભાગે ઈજાઓ થઈ હતી.

ગોરવાના રમેશ નગર બોરિયા તળાવ-2 ખાતે રહેતા અને સોલારનું કામ કરતા 22 વર્ષીય કેફ ઉર્ફે ઉસ્માન કમરૂલ હસન પઠાણ ગત તા. 6 નવેમ્બરના રોજ રાત્રે 10 વાગ્યાના અરસામાં મિત્ર હસનૈન પઠાણ સાથે મધુનગરમાં નિગાહેકરમ બિલ્ડિંગ પાસે મિત્ર અનેશ પઠાણના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન બિલ્ડિંગ નીચે આવેલી દુકાને પાણી પીવા ઊભા હતા ત્યારે શરીફ ઉર્ફે શેફ પઠાણ ત્યાં આવ્યો હતો.

આરોપીએ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી, 'મેં તારી સાથે ખોટું સમાધાન કર્યું છે, તને તો હું છોડીશ નહીં' તેમ કહી ધમકી આપી હતી. ત્યારબાદ યુવકને બિલ્ડિંગ પાછળ લઈ જઈ ગાળો ભાંડી લાફા મારી માર માર્યો હતો. દરમિયાન ફરિયાદીનો મિત્ર હસનૈન બચાવવા વચ્ચે પડતાં આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. આ મામલે કેફ ઉર્ફે ઉસ્માન પઠાણે શરીફ ઉર્ફે શેફ પઠાણ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે.

આરટીઓનો સકંજો : ૧૫ વાહનમાલિકોને સ્પેશિયલ નોટીસ અપાઇ

૫.૧૬ લાખનો રોડ ટેક્સ ન ભરનાર વાહનચાલકોને નોટિસો ફટકારાઈ

ભારત સિરીઝના વાહનો ધરાવતા 15 વાહનમાલિકોને સ્પેશિયલ નોટિસો ફટકારાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.8



વડોદરા શહેરમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા બાકી નીકળતી સરકારી વેરાની વસૂલાત માટે આક્રમક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત, નિયત સમયમ્યાદામાં રોડ ટેક્સ ન ભરવા બદલ ભારત સિરીઝના વાહનો ધરાવતા 15 વાહનમાલિકોને સ્પેશિયલ નોટિસો ફટકારવામાં આવી છે. તંત્ર દ્વારા આ વાહનો પાસેથી કુલ રૂ. 5.16 લાખનો ટેક્સ વસૂલવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

સામાન્ય રીતે વડોદરાના દરજીપુરા સ્થિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અંતર્ગત ચાલતી આ કાર્યવાહીમાં ટૂ-વ્હીલર અને ફોર-વ્હીલર બંને પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે. નિયમ મુજબ બીએચ સિરીઝના વાહનો પર એકસાથે લાંબા ગાળાનો ટેક્સ ભરવાને બદલે દર બે વર્ષે ટેક્સ ભરવાની જોગવાઈ હોય છે. જોકે, કેટલાક વાહનમાલિકો દ્વારા સમયસર આ ટેક્સ જમા ન કરાવતા આરટીઓએ કડક વલણ અપનાવ્યું છે. જો સમયમ્યાદામાં આ રકમ ભરપાઈ કરવામાં ન આવે, તો રોજ પ્રમાણે રૂ. 100 લેખે પેનલ્ટી વસૂલવામાં આવશે. નોકરીના કારણે વારંવાર એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં બદલી થતી હોઈ, કર્મચારીઓને વાહનની પુનઃનોંધણી કરાવવામાં પડતી મુશ્કેલીઓથી રાહત આપવા માટે સરકાર દ્વારા બીએચ સિરીઝ શરૂ કરવામાં આવી છે.

હરિનગર બ્રિજ પર ડોક્ટર દંપતીની કાર થાંભલા સાથે અથડાઈ, બેને ઈજા

મોડી રાત્રે અટી વાગ્યે નટુભાઈ સર્કલ તરફથી પૂરપાટ ઝડપે આવતી કાર બેકાબૂ બની

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરમાં માર્ગ અકસ્માતોની વણઝાર યથાવત છે. ગોત્રી વિસ્તારમાં આવેલા વ્યસ્ત હરિનગર બ્રિજ પર મોડી રાત્રે અંદાજે અઢી વાગ્યાના સુમારે વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ડોક્ટર દંપતી સવાર કાર પૂરપાટ ઝડપે પસાર થઈ રહી હતી ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર બ્રિજ પરના સિમેન્ટના મજબૂત થાંભલા સાથે ધડાકાભેર અથડાઈ હતી. અથડામણ એટલી જોરદાર હતી કે કાર રિવર્સ ફરીને ઊભી રહી ગઈ હતી. અકસ્માતમાં ડોક્ટર દંપતીને ઈજાઓ પહોંચતા સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર કાર નટુભાઈ સર્કલ તરફથી પૂરપાટ ઝડપે આવી રહી હતી. હરિનગર બ્રિજ પર પહોંચતા જ ચાલકે કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. મોડી રાત્રે રસ્તા પર અન્ય કોઈ વાહન કે રાહદારી હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

બનાવની જાણ થતાં ગોત્રી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સ્થાનિકોમાં કારચાલક નશાની હાલતમાં હોવાની ચર્ચા પણ ઊઠી હતી, જોકે પોલીસે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને મેડિકલ રિપોર્ટના આધારે અકસ્માતનું સાચું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

અક્ષર પેરેડાઈઝ પાસે કારમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

શહેરના અક્ષર ચોક પાસે અક્ષર પેરેડાઈઝ નજીક કારમાંથી ૫૫ વર્ષીય કમલેશભાઈ દશરથભાઈ સુથારનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. સ્થાનિકોએ જાણ કરતાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને સયાજી હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ થતાં અટલાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક અનુમાન મુજબ આધેડનું મોત હૃદયરોગના હુમલાથી થયું હોવાની શક્યતા છે. જોકે, મૃત્યુનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. પોલીસે પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે. આ ઉપરાંત આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી છે. મૃત્યુનું સાચું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

સમામાં બે બંધ મકાનનાં તાળાં તોડી રૂ.૧.૯૫ લાખની ચોરી

પિતાની તબિયત ખરાબ હોવાથી બંને ભાઈ પરિવાર સાથે વતન ગયા હતા, તસ્કરોએ તક ઝડપી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરના સમા વિસ્તારમાં બંધ મકાનોને નિશાન બનાવતા તસ્કરોએ એક જ પરિવારના બે ભાઈઓનાં ઘરમાં હાથફેરો કરી રૂ.1.95 લાખની માલમત્તા ચોરી કરી હતી. પિતાની તબિયત સારી ન હોવાથી બંને ભાઈઓ પરિવાર સાથે સુરેન્દ્રનગર જિલ્લાના ચોકડી ગામે વતન ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ બંને મકાનનાં તાળાં તોડી ચોરીને અંજામ આપ્યો હતો.

સમા વિસ્તારમાં ખોડિયારનગર સામે દર્શનમ-99 પાછળ આવેલી રેવા પાર્ક સોસાયટીમાં મુકેશભાઈ ચૌહાણ અને તેમના નાના ભાઈ સંજયભાઈ બે માળના મકાનમાં અલગ રહે છે. પિતાને ડાયાબિટીસની તકલીફ હોવાથી ગત 6 નવેમ્બરે બંને પરિવાર સાથે ઘર બંધ કરીને વતન ગયા હતા.

બીજા દિવસે પાડોશીએ ફોન કરી મકાનનું તાળું તૂટેલું હોવાનું જણાવતાં તપાસ કરાવાઈ હતી. બંને માળે તિજોરી અને કબાટનાં તાળાં તૂટેલાં તથા સામાન વેરવિખેર જોવા મળ્યો હતો.

વડોદરા પરત ફર્યા બાદ તપાસ કરતાં મુકેશભાઈના ઘરમાંથી ચાંદીના દાગીના અને રૂ.60 હજાર રોકડા મળી માલમત્તા ગાયબ હતી. જ્યારે સંજયભાઈના ઘરમાંથી સોનાના બે દાણા, બે ઓમ, ચાંદીના દાગીના અને રૂ.40 હજાર રોકડની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. બંને ભાઈઓની ફરિયાદના આધારે સમા પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.